સંક્ષિપ્ત સમાચાર

બોરસદના ટેકરીયાપુરામાં પાણીની ટાંકી અને પાઇપલાઇનનું ખાતમુર્હુત કરાયું

બોરસદ | બોરસદ શહેરના વોર્ડ નં.૬ના ટેકરીયાપુરાના નહેર વિસ્તારમાં પાણીની ટાંકી અને પાઇપલાઇનનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતુ. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક ધારાસભ્ય બોરસદ રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. ખાતમુર્હૂત વિધિ દરમિયાન બોરસદ નગર પાલિકા ના પૂર્વ કાઉન્સિલર મહેશભાઈ ઠાકોર, બોરસદ શહેર મહામંત્રી દિપક ઠાકર તથા નીરજ ઠાકોર તથા ભીખાભાઈ પઢીયાર બોરસદ નગરપાલિકા ચીફ ઓફિસર વિરાજ શાહ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કપડવંજના માલઇટાડી અને નરસિંહપુર ગામે વિજયાદશમી ઉત્સવ ઉજવાયો

કપડવંજ | રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં મુખ્યત્વે છ ઉત્સવો ઉજવવામાં આવે છે જેમાંનો એક ઉત્સવ એટલે વિજયાદશમી ઉત્સવ જેમાં પથ સંચલન અને શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. સંઘની દ્રષ્ટિએ કપડવંજ અને આતરસુંબા આ બંને તાલુકા કક્ષા ગણાય છે. આજે વિજયાદશમી અને રવિવારના રોજ કપડવંજ તાલુકા કક્ષાનો ઉત્સવ માલ ઇટાડી ગામે યોજવામાં આવ્યો હતો. જ્યારે આતરસુંબા તાલુકા કક્ષાનો ઉત્સવ નરસિંહપુર ગામે યોજવામાં આવ્યો હતો. આ બંને જગ્યાએ પથ સંચલનમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો પૂર્ણ ગણવેશમાં ઉપસ્થિત રહ્યા હતા જેમાં સંચલન પછી બૌદ્ધિક દ્વારા ભારતીય તહેવારો અને તેની પાછળના આનુસંગિક કાર્યો બાબતે સ્વયંસેવકોનું માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ યુનિ.ના 500 વિદ્યાર્થીઓએ લીધો થેલેસેમિયા ફ્રી સ્ક્રિનિંગ કેમ્પનો લાભ

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી વુમન સેલ તથા ઇંડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી તા.14 તથા 15 ઓક્ટોબરના રોજ થેલેસેમિયા ફ્રી સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો.નિરંજન પટેલ, બ્રહ્માકુમારીના વડા જાગૃતિબેન દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. મેડિકલ ઓફિસર વૈદેહી પટેલ અને એમબીએ વિભાગના વડા ડો. દર્શનાબેન દવે દ્વારા આ કેમ્પમાં વિદ્યાર્થીઓને થેલેસેમિયા શું છે, તેના લક્ષણો અને તેની રોકથામ વિશે માહિતી આપવામાં આવી હતી. તથા કેમ્પ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કેમ્પ એમબીએ વિભાગ, બાયો-સાયન્સ વિભાગ, અંગ્રેજી વિભાગ અને ફાર્માસ્યુટિકલ સાયન્સ વિભાગમાં યોજાયો હતો. જેમાં યુનિ.ના આશરે 500 વિદ્યાર્થીઓ દ્વારા થેલેસેમિયા ફ્રી સ્ક્રીનિંગ કેમ્પનો લાભ લેવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વુમન સેલનો આભાર માન્યો હતો.

ગળતેશ્વરના સેવાલિયા પે સેન્ટર શાળાના શિક્ષિકા બેનનો વિદાય સમારંભ યોજાયો

સેવાલિયા | ગળતેશ્વર તાલુકા સેવાલિયા પે.સેન્ટર શાળાના વય નિવૃત્તિ ને કારણે મીનાક્ષીબેન જાલમસિંહ ચૌહાણ નો વિદાય સમારંભ સેવાલીયા કચ્છી પટેલ વાડીમાં સુંદર આયોજન શિક્ષક ગણ મિત્રો દ્વારા રાખવામાં આવેલ જેમાં આયોજનમાં ઉપસ્થિત તાલુકા પંચાયતના પ્રમુખ જયંતીભાઈ પરમાર , ભારતીય જનતા પાર્ટીના આગેવાનો વિનુભાઈ પટેલ યોગેશભાઈ શાહ નીતિનભાઈ પટેલ , પ્રેરક પટેલ તેમજ રીટાબેન ઓઝા હાજર રહ્યા આ સન્માન સમારંભ દરમિયાન ઉપસ્થિત મહેમાનો ,બાળકો વિગેરેનું ભાવપૂર્વક સન્માન કરવામાં આવેલ તેમજ ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ દરેકનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદ જિલ્લામાં પોલીસની જાણ બહાર મિલકત ભાડે આપનારા મિલકત માલીક સામે કાર્યવાહી

મોગરી ગામમાં 4 મકાન માલિક દંડાયાં

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે જાહેરનામા અંતર્ગત કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) આણંદ તા.15

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે વિદ્યાનગરમાં મિલકતોની તપાસ દરમિયાન પોલીસની જાણ બહાર અને ભાડા કરાર વગર મિલકત ભાડે આપનારા મિલકત ધારકો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.ડી. પટેલ સહિતની ટીમે ભાડુઆત અંગે ડ્રાઇવ યોજી તી. આ દરમિયાન મોગરી ગામના નાની ભાગોળ ગાજીયા વિસ્તારમાં ભાડુઆત અંગે તપાસ કરતાં જીતેન્દ્ર ગોવિંદ લુહાર (મુળ રહે. સેવાલીયા, જિ.ખેડા) હોવાનું જણાવ્યું હતું. આ મકાનના માલીક જયેશ ફેતસીંગ ગોરખાએ પોલીસ સ્ટેશનમાં જાણ કર્યા વગર અને ભાડા કરાર વગર ભાડે આપ્યું હતું. જેથી પોલીસે જયેશ ફતેસીંગ ગોરખા (રહે. નાવલી) સામે ગુનો નોંધ્યો હતો. આ ઉપરાંત મોગરીના મંજુબહેન કાંતિભાઈ પરમારે પણ પોતાનું મકાન ભાડા કરાર વગર જયકરણ કશ્યપ (રહે. ઉત્તરપ્રદેશ)ને ભાડે આપ્યું હતું. આ અંગે પોલીસમાં પણ જાણ કરી નહતી. જેથી પોલીસે મંજુબહેન કાંતિભાઈ પરમાર સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે મોગરીના ગાજ્યા વિસ્તારમાં રહેતા રામબરન રામસ્વરૂપ યાદવએ પોતાનું મકાન સુનીલ ભેરૂલાલ ખટીક (રહે. રાજસ્થાન)ને ભાડે આપ્યું હતું. જે અંગે પોલીસને જાણ કરી નહતી. આથી, રામબરન યાદવ સામે ગુનો નોંધ્યો હતો.

મોગરીના નાની ભાગોળમાં રહેતા વિક્રમ જયંતીભાઈ ચૌહાણે પોતાનું મકાન કમલેશ કડીયા (મુળ રહે. ખંભાત)ને ભાડે આપ્યું હતું. જે અંગે ભાડા કરાર નહતો અને પોલીસને પણ જાણ કરી નહતી. આ અંગે વિક્રમ ચૌહાણ સામે ગુનો નોંધ્યો હતો. ડીજીના આદેશ બાદ પોલીસે આ અંગે સઘન કાર્યવાહી હાથ ધરી છે.

આણંદના બિલ્ડર સામે જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે ક્રિષ્ના પૂજન કોમ્પ્લેક્સનું પેન્ટ હાઉસ બારોબાર ભાડે આપનારા બિલ્ડર સામે કાર્યવાહી કરી હતી. આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.ડી. પટેલ સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતાં. આ સમયે તેઓ લોટીયા ભાગોળ ચોકડી આગળ આવતા પાસેના ક્રિષ્ના પૂજન કોમ્પ્લેક્સમાં 5મા માળે પેન્ટ હાઉસમાં ભાડુઆતની તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન એક શખ્સ મળી આવ્યો હતો. જેની પુછપરછ કરતાં તે ભરતસિંગ મદનસિંગ સિંઘ (ઉ.વ.24, રહે.નેપાળ) હોવાનું જણાવ્યું હતું. આ પેન્ટ હાઉસમાં છેલ્લા એક મહિનાથી ભાડા ઉપર રહેતો હોવાનું જણાવ્યું હતું. જે પેટે રૂ.10 હજારનું ભાડુ પેન્ટ હાઉસના માલીક ગીરીશ જનાર્દન ભટ્ટને ચુકવતાં હતાં. આથી, પોલીસે બે પંચને બોલાવી ગીરીશ જનાર્દન ભટ્ટ (ઉ.વ.63, રહે. ક્રિષ્ના પૂજન કોમ્પ્લેક્સ, આણંદ)ની પુછપરછ કરતાં તે કન્ટ્રકશનનો વ્યવસાય કરતાં હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે પેન્ટ હાઉસ ભાડે આપવા અંગે કોઇ ભાડા કરાર કર્યાં ન હતાં અને પોલીસને પણ જાણ કરી નહતી. આથી, પોલીસે તેને સ્થળ પર જ નોટીસ આપી જાહેરનામા ભંગ બદલ ગીરીશ જનાર્દન ભટ્ટ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિરસદ પોલીસે પણ પર પ્રાંતિયને મકાન ભાડે આપતા ગુનો નોંધ્યો

વિરસદ પોલીસે કઠાણા ગામના દિલ્હી ચકલામાં રહેતા નગીન રાવજી સોલંકી સામે ગુનો નોંધ્યો હતો. નગીન સોલંકીએ પોતાનું મકાન કોઇ પણ જાતના ભાડા કરાર વગર ભાડે આપ્યું હતું. પ્રાથમિક તપાસમાં નગીનભાઇએ પોતાનું મકાન છેલ્લા એક મહિનાથી પન્નાલાલ પ્યારેલાલ તેલી (રહે.રાજસ્થાન)ને આપ્યું હતું. જે સંદર્ભે પોલીસને જાણ કરી નહતી. આ અંગે વિરસદ પોલીસે નગીન સોલંકી સામે ગુનો નોંધ્યો હતો.

ઝાડી-ઝાંખરાથી વાહનચાલકોને રોડ ઉપરથી પસાર થવામાં મુશ્કેલી

મુનપુરથી કરવાઈ-ડીટવાસ માર્ગ પર ઝાડી-ઝાંખરાથી અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) સંતરામપુર, તા.15

મહીસાગર જિલ્લાના કડાણાતાલુકાના અંતરિયાળ માર્ગો પર ઠેર ઠેર રોડની બંને બાજુ ઝાડી-ઝાંખરા અને બાવળોનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. રોડ પર ઝાડી-ઝાંખરા અને બાવળ સહિત અન્ય જંગલી વનસ્પતિ રોડની બંને બાજુએ ઉગી નીકળતા એક એક ફૂટ રસ્તા પર પણ છવાયેલ જોવા મળે જે જેને લીધે વાહનચાલકોને રોડ ઉપરથી પસાર થવામાં મુશ્કેલી સામનો કરવો પડી રહ્યો છે.

કડાણા તાલુકાના મુનપુર નીંદકા ઘાસવાડા ગોધર રોડ પર બંને બાજુ જાડી જાખરાના પગલે નાના-મોટા વળાંક ઉપર સામસામેથી આવતા વાહનો

જોઈ શકાતા ન હોવાથી વાહન ચાલકો અને રાહદારીઓનાં માથે અકસ્માતનો ભય તોળવાઈ રહ્યો છે. જવાબદાર તંત્ર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડની બંને બાજુએ લચકતા ઝાડી-ઝાંખરા કટીંગ કરી સાફસફાઈ કરી તાકીદે રસ્તો ચોખ્ખો કરવામાં આવે તેવી લોક માગ પ્રબળ બની છે.

મૂનપુરથી ડીટવાસ મોટીરાઠ તરફ જતો રસ્તો બંને સાઈડ ઉપર ઝાડી-ઝાંખરાના કારણે વાહનચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલી વેઠવી પડે છે રોડની બંને બાજુએ ઝાડીઝાંખરાનાં લીધે વાહનચાલકોને સામેથી આવતા વાહનોની હેડલાઇટથી અંજાઈ જવાનાં લીધે નાના-મોટા અકસ્માત સર્જાય છે. વહીવટીતંત્ર દ્વારા આ રોડ પર કોઈ પ્રાણઘાતક અકસ્માત સર્જાય તે પહેલા ઝાડી-ઝાંખરા દૂર કરવાની માગણી આજુબાજુ ગ્રામજનો વાહનચાલકોની માગ ઉઠી છે.

બોરસદ ખાતે બ્લડ બેંક શરૂ કરવા માટે માંગ

બોરસદ અને 65 ગામના નાગરિકોને કટોકટીના સમયે ભાગદોડ કરવી પડે છે

(પ્રતિનિધિ) બોરસદ, તા.15

આણંદ જિલ્લાના સૌથી મોટા તાલુકામાં ગણાતા બોરસદમાં બ્લડ બેંક ન હોવાથી કટોકટીના સમયે દર્દીના સંબંધીને ભાગદોડ કરવી પડે છે.

બોરસદ શહેર અને તાલુકામાં આવેલી સરકારી હોસ્પિટલ, અર્બન હેલ્થ સેન્ટર અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ આરોગ્ય સેવાઓ મેળવે છે. પ્રસૂતાઓ, અકસ્માતના ઈજાગ્રસ્તો તેમજ ઓપરેશનની સારવાર માટેના દર્દીઓને રક્તની જરૂરીયાત રહેતી હોય છે. પરંતુ બોરસદ ખાતે ક્યાંય પણ બ્લડ બેંક સંબંધિત સુવિધા ઉપલબ્ધ નથી.જેથી જીલ્લા મથકે આવેલ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી આણંદ અથવા અન્ય આસપાસના તાલુકાની બ્લડ બેંક ખાતે જવાનુ રહેતું હોય છે. પરંતુ તાકીદની જરૂરિયાતના સંજોગોમાં ખુબ જ દોડધામ જેવી પરિસ્થિતિ વેઠવી પડે છે.

હાલમાં બોરસદ શહેર અને 65 ગામના નાગરિકોની રક્ત યુનિટ સંબંધિત જરૂરીયાત સંતોષી શકાય તે માટે બોરસદ ખાતે વહેલી તકે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની શાખાની સ્થાપના કરવા માટેની પરવાનગી અને જરૂરી તમામ કાર્યવાહી આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવે તેવી જરૂરીયાત ઉભી થયેલ છે. આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોની જરૂરીયાતને પ્રાધાન્ય આપીને વહેલી તકે બોરસદ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે ઘટતી કાર્યવાહી તાકીદે થાય તે માટે સમગ્ર બોરસદ શહેર અને તાલુકાના આગેવાનો નાગરિકો દ્વારા માંગણી વ્યક્ત કરવામાં આવી છે.

વિસ્તારના વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં હર્ષની લાગણી

કપડવંજ-કોસમ નાઈટ બસનો બસ રૂટ યથાવત રખાતાં રાહત

છેલ્લા 40 વર્ષથી યથાવત ચાલતી બસ રૂટ સેવામાં ફેરફાર થતાં ઉગ્ર વિરોધ કરાયો હતો

(પ્રતિનિધિ) કપડવંજ તા.15

કપડવંજ તાલુકાના કોસમ ગામે કપડવંજથી કોસમ નાઈટ બસ સુવિધા છેલ્લા 40 વર્ષથી યથાવત હતી. આ બસ રૂટ સેવા આપી રહેલી બસ સુવિધા ખડાલ લંબાવતા વિસ્તારના વિદ્યાર્થી આલમ તથા આસપાસના ગામોમાં ઉગ્ર વિરોધ થયો હતો. જે બાબતે કપડવંજ તાલુકાના પુર્વ પ્રમુખ એમ.ટી. ઝાલાએ આ વિસ્તાર ના સરપંચો, આગેવાનો સાથે વાત્રકકાંઠા ન્યાય સમિતિના નેજા હેઠળ આ બસ સુવિધા બાબતે સત્વરે નિરાકરણ કરવા સારું ડેપો મેનેજરને રજુઆત કરી હતી.

જે બસ સુવિધાથી વિસ્તારની જનતાને તથા વિધાર્થી આલમ ને અગવડતા ના પડે તેવા આશયથી આ કોસમ નાઈટ બસ જે સ્થિતિમાં વર્ષોથી રોકાણ કરે છે તે સ્થિતિમાં નાઈટ રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. જેથી આ વિસ્તારની જનતા,વિધાર્થીઓ, વાલીઓ તેમજ વેપારીવર્ગમાં હર્ષની લાગણી અનુભવાઈ હતી. આ સેવાથી વિદ્યાર્થીઓને પણ રાહત રહેશે.

એડવોકેટ એમ.ટી. ઝાલાએ બસ સુવિધા માટે સહકાર આપવા બદલ ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા, ધોળાકુવા સરપંચ બાબુભાઈ, કોસમના સરપંચ કિશનસિંહ ઝાલા, જે.સી.દાણી વિદ્યાલયના આચાર્ય કમલેશભાઈ મોદી, એસ.ટી.બસના અધિકારીઓ તેમજ આ વિસ્તારના વિધાર્થીઓ, વાલીઓના પ્રશ્નોને ઉજાગર કરવા બદલ અખબારી માધ્યમોનો તથા સુખદ સમાધાન કરવા સહકાર આપનાર તમામનો આભાર માન્યો હતો.

બોરસદના ગોરવાની સીમમાંથી 12 ફુટ લાંબા અજગરનું રેસક્યુ

બોરસદ તાલુકાના ગોરવા ગામની સીમમા અંદાજે 12 ફુટ જેટલી લંબાઇનો અજગર હોવાનું જણાતાં ગ્રામજનો દ્વારા સ્વૈચ્છિક સંસ્થા દયા ફાઉન્ડેશનને જાણ કરવામાં આવી હતી. અજગર આસપાસના વિસ્તારમાં ફરતા નીલ ગાયના નાના બચ્ચાને શિકાર કરીને ગળી ગયો હતો. પરંતુ નીલ ગાય બચ્ચાને ગળી ગયા બાદ અજગર માટે મુશ્કેલ સ્થિતિ સર્જાઈ હતી.જેથી દયા ફાઉન્ડેશનની ટીમના સભ્યોએ આગવી કુનેહથી અજગરના મોઢામાંથી નીલ ગાયના મૃત બચ્ચાને બહાર કાઢી લીધું હતું. અંતે અજગરને દયા ફાઉન્ડેશનના સભ્યોએ સલામત સ્થળે છોડી દેવામાં આવ્યો હતો.

આંકલાવમાં જુગાર રમતાં 4 શખ્સ પકડાયાં

(પ્રતિનિધિ) આંકલાવ તા.15

આંકલાવ પોલીસે ભેંટાસી વાટામાં દરોડો પાડી જુગાર રમતાં 4 શખ્સને રંગેહાથ પકડી પાડ્યાં હતાં. આ અંગે આંકલાવ પોલીસે ગુનો નોંધ્યો હતો.

આંકલાવ પોલીસને પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે, ભેટાસી માંડવાપુરા કોતર સીમ વિસ્તારમાં ખુલ્લામાં કેટલાક શખ્સ જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 14મીના રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં જીતેન્દ્ર ઉર્ફે ડાયો શના પઢીયાર, પ્રવિણ ગણપત પરમાર, વિપુલ સુંદરસિંહ પઢિયાર અને ગુલાબ છોગાજી વણઝારા પાસેથી કુલ રૂ.8800નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

લો વિઝન ધરાવતા વિદ્યાર્થીને વીઆર ટેકનોલોજી મદદરૂપ બનશે

ચારુસેટની વિદ્યાર્થિનીએ લો વિઝન ધરાવતા વિદ્યાર્થીઓ માટે રિસર્ચ કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.15

ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન બાપુભાઈ દેસાઈભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ સાયન્સીસ (BDIPS)ના ઓપ્ટોમેટ્રી વિભાગની ઈન્ટર્ન ખદીજા દૂધિયાવાલાએ લો વિઝન ધરાવતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં આશીર્વાદરૂપ રિસર્ચ કર્યું છે. આ રિસર્ચને નેશનલ લેવલે પ્રથમ ઇનામ પ્રાપ્ત થયું છે. ખદીજાએ પ્રતિષ્ઠિત 'ધ બ્રાયન હોલ્ડન ઓપ્ટોમેટ્રી રિસર્ચ રોલિંગ ટ્રોફી-2024' જીતીને ચારુસેટનું ગૌરવ વધાર્યું છે અને રોલિંગ

ટ્રોફી જીતનાર ગુજરાતમાંથી સૌપ્રથમ વિદ્યાર્થિની તરીકે વિશિષ્ટ સન્માન પ્રાપ્ત કર્યું છે.

ઈન્ડિયન વિઝન ઈન્સ્ટિટ્યૂટ (IVI) દ્વારા વર્ષ 2024માં આયોજિત સ્પર્ધા માટે ભારતમાંથી કુલ 5 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જે પૈકી BDIPSની ખદીજા દૂધિયાવાલાએ ફાઇનલિસ્ટ તરીકે પસંદ થઈ રોલિંગ ટ્રોફી મેળવી હતી. ખદીજાએ આસિસ્ટન્ટ પ્રોફેસર દેવાંશી દલાલના માર્ગદર્શન હેઠળ 'વર્ચ્યુઅલ રિયાલિટી (VR) ફોર વિઝનઃ અ ટેકનોલોજી-ડ્રીવન સોલ્યુશન ફોર લો-વિઝન એજ્યુકેશન' વિષય પર રીસર્ચ કર્યું હતું. જેમાં લો-વિઝન એવી સ્થિતિ છે જે ચશ્મા અથવા સર્જરી કરવા છતાં પણ વ્યક્તિની જોવાની ક્ષમતામાં નોંધપાત્ર સુધારો થઈ શકતો નથી. આ ક્ષતિ ઘણીવાર શૈક્ષણિક કાર્યમાં પણ અસર કરે છે. આથી વિદ્યાર્થીઓ શીખવા માટે બ્રેઇલ અથવા બીજી ગ્રંથિઓ પર આધાર રાખે છે. જેના કારણે લો-વિઝન ધરાવતા વિદ્યાર્થીઓ, નોર્મલ વિઝનના વિદ્યાર્થીઓ કરતા અભ્યાસમાં પાછળ પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખી આ રીસર્ચ કર્યું હતું. જેથી વર્ચ્યુઅલ રિયાલીટી એટલે કે વીઆર ટેક્નોલોજી આ સમસ્યા માટે નવતર ઉકેલ આપે છે. આ ટેક્નોલોજી શૈક્ષણિક હેતુને વિદ્યાર્થીઓ સમક્ષ દર્શાવે છે અને વિદ્યાર્થીઓને વિઝ્યુઅલ લર્નિંગમાં મદદ કરે છે.

આ રીસર્ચ દ્વારા ખદીજાએ દર્શાવ્યું કે, વર્ચ્યુઅલ રિયાલીટીએ મનોરંજન કે ગેમિંગ સિવાય પણ લો વિઝન ધરાવતા વિદ્યાર્થીઓમાં લર્નિંગ એક્સપીરીયન્સ વધારવાની ક્ષમતા ધરાવે છે. આ ટેક્નોલોજી લો વિઝન ધરાવતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવાની નવી તકો આપે છે. બીડીઆઈપીએસના પ્રિન્સીપાલ ડો. હેમંતકુમાર, ઓપ્ટોમેટ્રી વિભાગના વડા જયદેવસિંહ પરગરા અને ગાઈડ દેવાંશી દલાલના માર્ગદર્શન હેઠળ ખદીજાના આ રિસર્ચ પ્રોજેક્ટને સફળતા પ્રાપ્ત થઈ હતી.

ઉલ્લેખનીય છે કે IVI એ ભારતમાં આંખની સંભાળ, વિઝન સાયન્સ અને ઓપ્ટોમેટ્રીને સમર્પિત સંસ્થા છે. IVI રોલિંગ ટ્રોફી વાર્ષિક સ્પર્ધા છે, જેની શરૂઆત 2014થી થઈ છે, જે સમગ્ર ભારતમાંથી યુવા ઓપ્ટોમેટ્રી સંશોધકોની પ્રતિભા બહાર લાવે છે. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટ વિઝન સાયન્સ અને ઓપ્ટોમેટ્રી ક્ષેત્રે નવતર સંશોધનને હાઈલાઈટ કરે છે તેમજ ઉભરતી પ્રતિભાઓને શ્રેષ્ઠ કાર્ય પ્રદર્શિત કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.